# IIT-ગાંધીનગર દેશનુ પહેલુ ગ્રીન કેમ્પસ બન્યુ

## પર્યાવરણનુ પુરતુ ધ્યાન રાખી બનાવવામાં આવેલા કેમ્પસને GHIRAએ આપ્યુ 5 સ્ટાર રેટિંગ

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

દેશભરની કોલેજ કેમ્પસના બાંધકામ અને માસ્ટર પ્લાન સ્ટડી કરીને કેમ્પસ માટે ગ્રીન બિલ્ડીંગ રેટિંગ આપતી નેશનલ એજન્સી ‘ગ્રીન રેટિંગ ફોર ઈન્ટીગ્રેટેડ હેબિટેટ એસેસમેંટ ફોર લાર્જ ડેવેલોપમેન્ટ્સ’ (GHIRA)એ તાજેતરમાં ગાંધીનગરના પાલજ ખાતે બની રહેલા આઈઆઈટીના નવા કેમ્પસને 5 સ્ટાર રેટિંગ આપ્યું છે. આ રેટિંગ સાથે આઈઆઈટી ગાંધીનગર દેશનુ પહેલુ એવુ કેમ્પસ છે કે જેને 5 સ્ટાર રેટિંગ મળ્યુ હોય. આઈઆઈટીના આ કેમ્પસમાં પર્યાવરણને નુકસાન ના થાય એ વાતનુ સંપુર્ણ ધ્યાન રાખવામાં આવ્યુ છે.

### આ 5 બાબતોએ અપાવ્યુ 5 સ્ટાર રેટિંગ



- વૃક્ષારોપણ
- વોટર હાર્વેસ્ટિંગ
- વોટર રિસાયક્લિંગ
- સોલાર વોટર હીટર
- બાયોગેસ પ્લાન્ટ

### સિદ્ધિમાં પ્રોફેસર અને વિદ્યાર્થીઓનો ફાળો

સુધીર જૈન, ડિરેક્ટર આઈઆઈટી-જીએનના

IIT ના નવા કેમ્પસને પર્યાવરણ ફ્રેન્ડલી બનાવવામાં વર્કરથી માંડી પ્રોફેસર અને વિદ્યાર્થીઓનો મહત્વનો ફાળો છે. આ એવોર્ડ મહેનતને અને કોન્સેપ્ટને આભારી છે.

**Title:** IITGN becomes country’s first green campus, received 5 star GRIHA rating
**Source:** City Bhaskar (Pg. no. 01)
**Date:** 13/09/2018